કેદીઓની વચગાળાની જામીન તથા તે
સંબંધિત અરજીઓ નામ. વડી અદાલતને
મોકલી આપવા બાબત...

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્રક્રમાંકઃજલક/૩૯૨૦૧૪/એચ.સી.૮૩/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૪/૧૦/૨૦૧૪.

વંચાણે લીધા : (૧) જેલાના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરીના તા. ૨૯/૧૧/૨૦૦૫ ના પરિપત્ર ક્રમાંકઃ જયુડી/૧/૬૧૮૯/૨૦૦૫.
(૨) ક્રિમી. મીસે.એપ્લી.(ટેમ્પરરી બેલ)નં. ૧૩૪૧૭ /૨૦૧૪ ઈન ક્રિમીનલ અપીલ નં. ૫૬૯/૨૦૧૪ માં નામ.ગુજરાત હાઈકોર્ટનો તા.૪/૯/૨૦૧૪નો હુકમ.

પરિપત્ર :

કેદીઓ તરફથી કામચલાઉ જામીન, કાયમી જામીન મેળવવા અથવા તે સંબંધિત જામીન મેળવવા નામ.હાઈકોર્ટને સંબંધિત કરવામાં આવતી અરજીના અનુસંધાને રાજય સરકાર દ્વારા અનુસરવાની થતી કાર્યપદ્ધતિ અંગે ક્રિમીનલ મીસે. એપ્લીનં.૧૨૪૨૭/૨૦૦૫ માં ખંડપીઠ દ્વારા તા.૧૮/૧૧/૨૦૦૫ ના રોજ આપવામાં આવેલ આદેશ મુજબની કાર્યપ્રણાલિકા અમલી બનાવવા માટે ઉકત સંદર્ભ(૧) થી જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી તા. ૨૯/૧૧/૨૦૦૫ ના રોજ પરિપત્રથી સંબંધિતોને સૂચનાઓ પરિપત્ર કરવામાં આવેલ છે જેનો જેલોના અધિક્ષકશ્રીઓ/અધિકારીશ્રીઓ દ્વારા ચૂસ્તપણે અમલ થતો ન હોવાની બાબત સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે.

તાજેતરમાં રાજકોટ મધ્યસ્થ જેલના કેદી રફીક રહીમભાઈ હબીબાણી ઉર્ફે રફીક મિસ્ત્રી દ્વારા તા.૨૫/૮/૨૦૧૪ નાં રોજ પુત્રની સુન્નત વિધિ માટે વચગાળાના જામીન મેળવવા માટે તા.૨૫/૭/૨૦૧૪ નાં રોજ કરવામાં આવેલ અરજી પરત્વે રાજકોટ મધ્યસ્થ જેલ દ્વારા તા.૨/૮/૨૦૧૪ ના પત્રથી નામ.ગુજરાત હાઈકોર્ટને કરવામાં આવેલ રજૂઆત નામ. હાઈકોર્ટને તા.૨૫/૮/૨૦૧૪ નાં રોજ મળતા સંદર્ભ : (૨) માં દર્શાવેલ પીટીશનમાં નામ.હાઈકોર્ટે તા.૪/૯/૨૦૧૪ ના રોજ આપેલ મૌખિક હુકમમાં ઘણી જ ગંભીરતાથી નોંધ લીધેલ છે.

પ્રસ્તુત બાબતમાં જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી દ્વારા આમુખમાં દર્શાવેલ તા. ૨૯/૧૧/૨૦૦૫ ના પરિપત્રથી અપાયેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા સર્વે જેલ અધિક્ષકશ્રીઓનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. વધુમાં, રાજયની જેલોમાં રહેલ કેદીઓની ઉકત પ્રકારની અરજીઓ નામ.વડી અદાલતમાં

રજીસ્ટ્રારશ્રી (ન્યાય) ને ઝડપથી પહોંચે તે માટે સ્પીડ પોસ્ટના માધ્યમનો અને સંદર્ભ–૨ દર્શિત હુકમમાં જણાવ્યાનુસાર જરૂર જણાયે કુરીયરના માધ્યમનો ઉપયોગ કરવાનું જણાવવામાં આવે છે. તેમજ આવી અરજીઓ ઝડપથી મોકલવામાં આવી રહી છે તે બાબતની સંબંધિત જેલ અધિક્ષકશ્રીએ દેખરેખ રાખવાની રહેશે. અન્યથા, સંબંધિત જેલ અધિક્ષકશ્રીને સીધા જવાબદાર ગણવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશંકર ઓધવાણી)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

<u>નકલ રવાના</u> :

- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.
- તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ /પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ અધિક્ષકશ્રીઓ, મધ્યસ્થ જેલ/જીલ્લા જેલ/ખાસ જેલ/સબ જેલ/ ઓપન જેલ (જે.ઈ.જશ્રી મારફત)
- સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.